

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




આ રોજના 'વાંધા' કરતાં ચડાઇ કરી નાખો!
ભવાં બતાવીને આકરી કડાઇ કરી નાખો!
કાઢી નાખો ઠેડાઇ, નાપાક સેનાની એકવાર -
'જીબો-બાપા' છોડીને, હવે લડાઇ કરી નાખો!
(આતંકી દેશની શાન ઠેકાણે લાવો)




પેસતો નથી,
આનંદીબહેન નો -
પેંગડે પગ!
(ગતિશીલ ગુજરાત)

- હવે ન થાય!!
'ગ્રીન-સીટી' કરવા -
'કલર' કરો!
(વૃક્ષોનાં નિકંદન પછી-)

## ચિંતન

**યથા હિ એકેન ચક્રેણ ન રથસ્ય ગતિર્ભવેત । એવં પુરૂષ કારેણ વિના દૈવં ન સિધ્યતિ ॥**

'જેમ માત્ર એક પૈડાંથી રથની ગતિ શક્ય નથી તેમ જીંદગીના રથના પણ બે પૈડાં છે ભાગ્ય અને પુરૂષાર્થ - પુરૂષાર્થ કર્યા વિના ભાગ્ય પણ સાથ આપતું નથી.'

મહેનત કરવાથી જ ફળ મળે છે પણ એના માટે ભાગ્ય જરૂરી છે. ખૂબ ઊંડો કૂવો ખોદ્યા પછી પાણી જેના ભાગ્યમાં નથી એને પાણી ન પણ મળે જેના ભાગ્યમાં હોય એ એક ફૂટ વધારે ખોદે ત્યાં પાણીનો ઝરો ફૂટી પણ નિકળે!

માત્ર ભાગ્યના ભરોસે બેસી રહેવાથી માંડવામાં લટકી દ્રાક્ષ મોઢાંમાં આવીને પડતી નથી એના માટે જાતે તોડવા જવાનો તો પરિશ્રમ કરવો જ પડે છે.

સાચી હકિકત એ છે કે ભાગ્ય - વિધિ-વિધાતા-ભગવાન પર ભરોસો રાખી પરિશ્રમ તો ચાલુ જ રાખવો જોઇએ. શ્રદ્ધા અને વિશ્વાસ સાથે પુરૂષાર્થ ફળ આપે જ છે.

## સુવિચાર

- ખુદા ને આદમી વચ્ચે તફાવત છે બહુ થોડો, બનાવ્યું છે જગત એકે.. અને બીજો બગાડે છે **- બેફામ**
- ઇતિહાસમાં કયારેય માત્ર ચર્ચાથી કોઇ પરિવર્તન આવતું નથી **- સુભાષચંદ્ર**
- દરેક માનવને જીવનમાં એકવાર તો ભગવાન મળે જ છે.. એક નહીં તો બીજા સ્વરૂપે **- ધર્મસૂત્ર**
- મૂંગા રહેવું એ નબળાઇની નિશાની નથી સમજણની નિશાની છે **- દર્શક**
- ગુજરાતી ભાષામાં 'પસીના' માટે સુંદર શબ્દ છે : 'પરસેવો' બીજાની સેવા કરતાં જે પાણી નીકળે તે પરસેવો... **- જનકલ્યાણ**
- જુલ્મીમાં જુલ્મી રાજય પણ પ્રજા એકત્ર થાય છે ત્યારે તેની સામે ટકી શકતું નથી **- સરદાર પટેલ**
- અધ્યાત્મ એ કંઇ ઘડપણની પ્રવૃત્તિ નથી, એ તો તરૂણતાનો ઊંચો કૂદકો છે **- મોરારિબાપુ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ચૂંટણીમાં નેતાઓ વચનોની ફૂલજરી ફોડતા હોય છે તમને આ સગવડ આપીશ તે આપીશ આકાશમાંથી તારા તોડી ને આપી દઇશ - પછી ચૂંટાયા પછી કડક કાયદા અને કરવેરાના દંડા મારે અને કહે તો જ સુખ સગવડ મળે ને! મારે ઘેર સુખસગવડની ફેકટરી થોડી છે? કહીને ઊંઘી જતા હોય છે.

એક કુંભકર્ણ શેઠ ખૂબ જ જાડો હતો. ડોકટરે તેને દરરોજ વહેલી સવારે ઊઠીને ફરવા જવાની સૂચના આપી.

શેઠે એક નોકર રાખ્યો. શરત કરી જો તું મને સવારે વહેલો જગાડી દઇશ તો જ પગાર મળશે..

પહેલો દિવસ થયો. નવો નવો નોકર બિચારા બૂમ-બરાડા પાકી થાકયો. કુંભકર્ણ ઉઠ્યો નહીં. પહેલા દિવસનો પગાર કપાઇ ગયો.

બીજે દિવસે નોકરે શેઠ પર પાણીની ડોલ નાખી દીધી. શેઠ ઉઠ્યો પણ તમાચો મારી પાછો સૂઇ ગયો. બીજા દિવસનો પગાર પણ કપાઇ ગયો.

ત્રીજે દિવસે નોકરે પાણી તો નાખ્યું પણ શેઠ મારે એ પહેલાં એણે જ લાકડી ફટકારી દીધી. શેઠ ભાનમાં આવ્યા. જાગ્યા અને આજનો પગાર નોકરને મળ્યો.

ઊંઘતી સરકારોને આપણે જગાડવાની છે યુક્તિ પ્રયુકિત દ્વારા એની પાસે કામ લેવાનું છે. તો જ આપણને રોજી-રોટી મળશે.

Email - sureshchandrabhatt18@gmail.com

# વૃદ્ધ એટલે કુટુંબનો વડીલ -મોભી-મોભે. ઘરનો આધાર જેમ મોભ છે, તેમ કુટુંબનો આધાર એ મોભી - વડીલ - વૃદ્ધ છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઈ પરમાર 'દધિ'

**સમાચાર સેતુ**

ગાંધીનગર સાહિત્ય સભા આયોજીત 'સર્જકની કેફિયત' અંતર્ગત, તા. ૧૨-૧૦-૨૦૧૪ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે, જાણીતા નવલકથાકાર, જે. આર. જોષી (જટાશંકર રતિલાલ જોષી) નું વક્તવ્ય રાખવામાં આવ્યું છે. જે. આર. જોષી અમરેલી જીલ્લાના બગસરાના વતની છે અને એક સિદ્ધહસ્ત નવલકથાકાર છે. તેમની નવ નવલકથાઓ (૧) મૃગતૃષ્ણા (૨) આતમના ઓજસ (૩) બિમ્બ પ્રતિબિંબ (૪) સમણાંનો સંગાથ (૫) ધુમ્મસનું ઘર (૬) સમયરંગ (૭) આખું આકાશ મારી પાંખમાં (૮) સૂની આંખમાં દરિયા અને (૯) સ્નેહસાગરનાં મોતી પ્રકાશિત થયેલ છે તથા બીજી બે નવલકથાઓ ધારાવાહિક રૂપે ચાલુ છે. તેમની આ નવલકથાઓ પૈકી સાત નવલકથાઓ નવ ભારત પ્રકાશન દ્વારા અને બે નવલકથાઓ રન્નાદે પ્રકાશન દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. તેઓ નવલકથા ઉપરાંત નવલિકાક્ષેત્રે પણ સારૂં એવું ઉમદા ખેડાણ કરીને, ૧૦૦થી વધુ નવલિકાઓનું ઉપાર્જન કરેલ છે. તેમની નલવકથા 'આતમના ઓજસ'ને 'મમતા ચંદ્રક' એનાયત થયેલ છે. તો આવા સિદ્ધહસ્ત નવલકથાકારની 'સર્જક કેફિયત' નો લાભ લેવા પધારવા નગરના મહાનુભાવો સાહિત્યકારો, સાહિત્ય રસિકો - ભાવકો તથા ગાંધીનગર સાહિત્ય સભાના સર્વે સભ્યોને હાર્દિક - જાહેર નિમંત્રણ છે.

**નિબંધ સેતુ : અમૂલ્ય વૃદ્ધત્વ**

હમણાં જ, તા. ૧.૧૦.૨૦૧૪ના રોજ પ્રૌઢદિન (વૃદ્ધદિન) ગયો. આમ તો સામાન્ય રીતે 'પ્રૌઢ' - વૃદ્ધ શબ્દ કાને પડતાં જ વિચિત્રચિત્ર નજર સમક્ષ ખડું થાય. તરવરવા માંડે! ખખડી ગયેલી કાયા, શ્વેસ થયેલ શિરના કેશ, નિસ્તેજ બનેલ અને ઊંડી ઉતરી ગયેલી આંખો, ચેતનાહીન બનેલ - કરમાઇ ગયેલ ચેહરો, બોખુંમોં, ગાલમાં પડેલ ભુવા, કંપતા હાથ, હલતી ગરદન, સૂકી ભંઠ થઇ ગયેલી શુષ્ક-લબડતી ચામડીમાં જાણે પરાણે વિંટળાઇ રહેલ હોય તેવો, ડગુમગુ થતી ચાલે ચાલતો માનવ!

પરંતુ હવે એવું રહ્યું નથી. ૭૦-૭૫ વર્ષના જુવાનવૃદ્ધ હાલના એક નવયુવાનને પણ શરમાવે તેવી ગજબ સ્ફૂર્તિ અને ગજબની ચેનતા ધરાવે છે અને નિરંતર કાર્યો કરે છે.

અગાઉ સને ૧૯૫૦માં માનવીનું આયુષ્ય જે સામાન્ય રીતે ૪૭-૫૦ વર્ષનું ગણાતું હતું તે હાલમાં ૭૫-૮૦ વર્ષ સુધીનું સામાન્ય બની ગયેલ છે. જે મહદઅંશે માણસની વૃત્તિ અને પ્રવૃત્તિને આધારીત છે.

ઘણા માણસો ઘડપણના આરે પહોંચે એ પહેલાં, ઘડપણની શરૂઆતમાં જ પોતાની પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેવા માડે છે અને 'હવે તો ઉંમર થઈ, કયાં સુધી આ વૈઠ' અને આવા ઢસરડા કરવા?' એમ વિચારીને પરાણે જાણે જિંદગી જીવતા હોય તેમ, જિંદગીને ઢસડ્યા કરે છે - જીવ્યા કરે છે અને જીવવામાં પણ વેટ ઉતારે છે!

માણસ જો પ્રવૃત્તિમાંથી બિલકુલ નિવૃત્ત થાય તો, તે તેના માટે હાનિકારક - નિવાસકારી બની રહે છે. આમ તો 'પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ' એટલે તો ખરેખર 'કામની ફેરબદલી'. પરંતુ તે મુજબ કરવાને બદલે પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈને કંઇ ન કરનાર માણસ માનસિક અને શારીરિક એમ બંને રીતે ખૂબ ઝડપથી ઘરડો થઈ જાય છે. આ સંસારરૂપી દરિયામાં રહેલ અનેક રોગોરૂપી સંહારકપ્રાણીઓને શિકાર બને છે અને છેવટે પોતાની જીવનનૈયાને મૃત્યુનાં ઓવારે જઇને લાંગરે છે. જે માણસ નિવૃત્ત થયા પછી પણ પ્રવૃત્તિમય રહે છે - નવરો બેસી રહેતો નથી તેને ઘડપણનો જર કદાપિ ડરાવતો નથી કે ભરકી જતો નથી! કારણ કે પ્રવૃત્તિમય માણસને ઘડપણ કે વડપણ કે અન્ય બીનજરૂરી બાબતો વિષે વિચારવા માટે બિલકુલ ફૂરસદ કે અવકાશ મળતો નથી, એટલે ઘડપણ તેનાથી સો ડગલા દૂર રહીને ચાલે છે!

પ્રવૃત્તિમાંથી સદંતર નિવૃત્ત થતાં માણસ, નવરો, બેઠો બિનજરૂરી બાબતો અંગે વિચાર્યા કરે છે અને લોકોની કૂથડી કર્યા કરે છે, અને આપણે જાણીએ છીએ કે... નવરો બેઠો નખ્ખોદ વાળે! નવરો માણસ પોતે તો તન,મન અન ધનથી પણ પાયમાલ કરે છે. સાચો વૃદ્ધ સદાય પ્રવૃત્તિમાં જ રહે છે અને પ્રવૃત્તિ કરતાં કરતાં, પ્રેમથી મૃત્યુને ભેટે છે!

વૃદ્ધ એટલે કુટુંબનો વડીલ -મોભી-મોભે. ઘરનો આધાર જેમ મોભ છે, તેમ કુટુંબનો આધાર એ મોભી - વડીલ - વૃદ્ધ છે. ઘરના છાપરાને - છતને ટકાવવા, મોભ સાથે જોડાયેલ-જડાયેલ વળીઓને ફક્ત એકાદ કે બે ખીલીઓ જ લાગેલી હોય છે, જયારે ઘરના મોભના માથે અસંખ્ય - હજારો ખીલીઓ જડાયેલી - ઠોકાયેલી હોય છે અને યાતનાઓ સહન કરે છે. એમ વૃદ્ધ પણ યાતનાઓ સહી જાણે છે અને મરતાં દમ એક હરફ સુધી ઊચ્ચારતો નથી, કારણ કે.... એ મોભ છે એટલે તેની ફરજ માની સહયે જાય છે!

વૃદ્ધના ચહેરા પર પડેલી કરચલીઓ એ તો તેના જીવનના હજારો અનુભવોની આલેખાયેલ રેખાઓ છે! ઘરડાને ઘરડા નથી પરંતુ બુદ્ધિનો સંચય થવાથી અને અનુભવના ભરપૂર ખજાનાને કારણે એ પ્રબુદ્ધ બનેલ છે. આકાશમાં અગનથી ચમકતા તારા છે, પરંતુ અવનિ પર અગન વગર ચમકતા સિતારા એ વૃદ્ધો છે! મહાભારતકાળ કે રામાયણકાળ તરફ દષ્ટિપાત કરીને અતીતના ઊંડાણમાં ઊતરીશું તો આપણને જણાશે કે, વૃદ્ધોની મહત્તા શું હતી! અક્ષોહિણી સેનાના સેનાનાયક ભડવીર વૃદ્ધ ભીષ્મ પિતામહનો દાખલો આપણી સમક્ષ મોજૂદ છે. સંસાર વનમાં અટવાતા અન્ય માટે વૃદ્ધો રાહબર બન્યા છે. વખમ વેદનાઓ વેઠીને પણ ગૌરવભેર જીવન જીવ્યા છે! પ્રમાદને પ્રજાળીને સર્વત્ર ઉદ્યમની આભા ફેલાવી છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને પ્રજ્ઞાની પ્રભાને ચોમેર દમકતી - ચમકતી કરી છે. વૃદ્ધ એટલે જ સેવામૂર્ત! નહીં કંઇ લેવાની વૃત્તિ, ફક્ત કંઇ આપીને ફના થવાની પહેલવૃત્તિથી વહોરેલ પ્રવૃત્તિ.

વૃદ્ધત્વનું મૂલ્ય સિસ્ટર મેરી જેમ્માબ્રૂકના શબ્દોમાં કહું તો, 'જૂના ઘરડા સફરજનનો ઝાડ ઉપર જ સૌથી મીઠાં સફરજન હોય છે, સૌથી જૂના રેડવુડના વૃક્ષો જ ગૌરવપૂર્ણ ઊંચાઈએ પહોંચે છે, જૂના વાયોલીનમાંથી જ સૌથી સુંદર અને ઉચ્ચ કક્ષાના સૂરો નીકલે છે, મદિરા પણ જેમ જૂની હોય તેમ તેનો સ્વાદ વધતો હોય છે, પૂરાણા સિક્કા ટિકીટ કે પુરાણા ફર્નિચરને અમૂલ્ય ગણવામાં આવે છે. જૂના મિત્રોને આપણે સૌથી વધારે પ્રેમ કરતા હોઈએ છીએ. આમ વૃદ્ધાવસ્થા ખરેખર અદ્ભૂત છે. તેથી જ કહેવાયું છે કે - સુંદર યુવાન કે યુવતી એ કુદરતની કલા છે, પણ સુંદર વૃદ્ધવ્યક્તિ એ માણસની કલાનું મહેનતાણું - પરિણામ છે.'

આમ જેનું મૂલ્ય આંકી ન શકાય તેવું અમૂલ્ય 'વૃદ્ધત્વ' છે. અને એકવાર આવે છે અને ઝડપથી ચાલ્યું જાય છે. વૃદ્ધ જ અનુભવને, એરણ પર લગાવીને કુટુંબ, પોળ, શેરી, ગામ, રાજય, દેશ અને દુનિયાનો દોરે છે. અને હા, યાદ રહે 'વૃદ્ધ જ ગાડાં પાછાં વાળે' ની જે ઉક્તિ છે તેની યથાર્થતાથી આપણે સૌ પિરચિત છીએ જ. આખી દુનિયા જયારે મંદીની ગર્તામાં ધકેલાઇ ગઇ ત્યારે, ભારતને મંદિનો અણસાર પણ ન આવવા દેનાર અને દેશને અડીખમ રાખનાર કોણ? આપણા વૃદ્ધ અનુભવી ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોનહસિંહજી! ૮૦ વર્ષની પાકટ વયે, વડાપ્રધાન બનીને દેશની ધુરા સંભાળી, અનોખો રાહ ચિંધનાર વૃદ્ધ હતા. માન. મોરારજીભાઈ દેસાઈ! ચીન સામેનાં ભીષણ યુદ્ધમાં જગતને ભારતનું ખમીર બતાવનાર હતા આપણા વૃદ્ધ વામન છતાં વિરાટ સ્વરૂપ માન. લાલ બહાદુર શાસ્ત્રીજી! દેશને આઝાદી અપાવવા, યુવાનને પણ શરાવે તેવી કમ્મર કસનાર 'વૃદ્ધ' હતા આપણા પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી!

આથી આપણા આવા મહાન વૃદ્ધ આત્માઓને શત્ શત્ નમન કરીએ અને આપણા આવા ઉદાર દિલમાં સૂકાઈને કાળમીંઠ પથ્થરસમ બની ગયેલ માનવતાંનાં - કૃતજ્ઞતાના ઝરણાંને પુનઃ પીગળાવીને, ચેતનવંતા બનાવી, આજથી જ ખળખળ વહાવીએ અને જગતને શુભરાહ ચિંધતા વૃદ્ધને કયાંક ઓછું ન આવે અને પરઆશ્રયમાં જવું ન પડે તે માટે, તેમના પ્રતિ કરૂણા અને દયાની ભાવના રાખી આપણી ફરજને અદા કરીએ; કારણ કે એમાં જ માનવતાનું શ્રેય છે - કલ્યાણ છે!

વિશ્વવયસ્કદિને સર્વે વૃદ્ધવડીલોને ભાવભીનાં નમસ્કાર - પ્રણામ.

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**કાવ્યસેતુ**

**મૃત્યુ સુધા**

મૃત્યુ એ તો નીંદર ચિકરાકી, શયનસ્મશાને!
તાપ તપતો પ્રખર સરહાતણો અવ શાને?
વેરાયાં ક્ષણિક સમણાં ને પ્રણયમાયા તૂટી
વિજન વનપથે, કો અંકુરિત કેડી તો ફૂટી
કરમાયું કુંજન કેલી કામીની કોકિલાતણું
છવાયું સઘળે નિબિડ સામ્રાજય શૂન્યતાપણું!
કંટકે છાયી લાલી સંકેલાઇ, થૈ સ્નિગ્ધતા તપ્ત મને
ચંચલ કાયા થૈ કુંઠિત, અગમ્ય આ પરગમને!
જયાં પીધું મૃત્યુસુધાનું એક તૃપ્તિબિંદુ,
દિલે જલતો વડવાગ્નિ, શમ્યો ત્યાં 'દધિ' સિન્ધુ!

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

# અમિતાભનો માનવીય અભિગમ, હકારાત્મક દષ્ટિકોણ, અન્યને મદદ કરવાની ભાવના અને જુનીયર આર્ટીસ્ટને સપોર્ટ કરવાના સ્વભાવને કારણે આજે સમગ્ર ફિલ્મ ઇન્ડસ્ટ્રી બચ્ચનને માનની દષ્ટિએ જુએ છે

## અદબ પલાઠી મોં પર આંગળી

### જન્મદિન વિશેષ - અમિતાભ બચ્ચન

સદીનો મહાનાયક : અમિતાભ બચ્ચન

- ડો. સંતોષ દેવકર

''અમિતાભને સાંભરે છે એ દિવસોમાં રાજેશ ખન્ના માટે આખો દેશ પાગલ હતો. તેમની સાથે કામ કરવાનો અર્થ એક મોટો એવોર્ડ હતો. અમિતાભ ઉમેરે છે કે રાજેશ ખન્નાને અને શશિકપુરને જોવા માટે હું સ્ટુડિયોથી સ્ટુડિયો ફરતો. તેમને છુપાઇને જોયા કરતો. મારા મનથી રાજેશ ખન્ના જ પહેલા સુપરસ્ટાર હતા.''

પ્રથમ તળિયે રહીને સંઘર્ષ કર્યો. સંઘર્ષ કરીને ટોંચે પહોચ્યા બાદ વિધિની વક્રતાને કારણે ફરીથી તળિયે પહોંચી ગયેલા અને આર્થિક રીતે પાયમાલ થઇ ગયેલી આ વ્યક્તિ પુનઃ સંઘર્ષ કરીને બોલીવુડ પર ટોચ પર પહોચે છે. આજે ટોચ પર બિરાજમાન છે. જીવન સંગ્રામમાં બબ્બે વખત ટોચ પર પહોંચવું એ રમત વાત નથી.

અમિતાભનો માનવીય અભિગમ, હકારાત્મક દષ્ટિકોણ, અન્યને મદદ કરવાની ભાવના અને જુનીયર આર્ટીસ્ટને સપોર્ટ કરવાના સ્વભાવને કારણે આજે સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી બચ્ચનને માનની દષ્ટિએ જુએ છે. ઈન્ડસ્ટ્રીમાં દુશ્મનો ન હોવા, એ શક્ય નથી છતાં પોતાના મિત્રો તો ઠીક દુશ્મનો પણ ભારે પ્રશંસા કરે ત્યારે બચ્ચન સાહબને અજાતશત્રુ કહે જ છૂટકે. સારા કલાકારની સાથે સાથે અચ્છા આદમી હોવું એ એક ઘટના છે. અમિતાભમાં આ બંને બાબતો સંગ્રહિત છે. કૌન બનેગા કરોડપતિની સિઝન પર સિઝન કરનારા આ કલાકારથી સ્ટુડિયોમાં બેઠેલા જનો ઘરે () નિહાળતા તમામ પ્રેક્ષકો આફરિન છે. સ્પર્ધક સાથેની વાતચીતમાં કયાંક મોટાઇ કે બડાઈની છાંટ નથી આવતી. ઉલટાનું તમામ સ્પર્ધકો માટે પ્રશંસા અને તેમના કોઇ ગુણના વખાણ જ કરે છે. બીગ બીના મોઢે પોતાની પ્રશંસા સાંભળી સ્પર્ધક સહિત તમામ સ્ટુડિયો ભાવવિભોર થઇ જાય છે. સ્પર્ધક દ્વારા પોતાના માટે થતી પ્રશંસા ઠાવકાઈથી ટાળી દેવામાં - તેને મહત્ત્વ ન આપવામાં અમિતાભ માહિર છે. () ના સેટ પર આવતાં અન્ય કલાકારોનું માનસન્માન જળવાય તેનું ઝીણવટભર્યું ધ્યાન બચ્ચનજી રાખે છે.

અમિતાભ બચ્ચન આ પૃથ્વી પર એવી વ્યક્તિ છે જેને મળીને વ્યક્તિ ભગવાનને મળ્યા હોય તેટલી ધન્યતા પ્રાપ્ત કરે છે. તેને મળવા માટે એટલો જ આતુર હોય છે.

વિવેક, સત્યતા, શાલીનતા, શિસ્ત વગેરે અમિતાભમાં ઠાંસીને ભરેલા છે.



સદીનો મહાનાયક અમિતાભ બચ્ચન સમગ્ર દેશને પોતાનો પરિવાર સમજે છે. અને પોતાની ફેમીલીનું પણ એટલું જ ધ્યાન રાખે છે. માતા તેજી બચ્ચન અને બાબુજી હરિવંશરાય બચ્ચનનું આ અલૌકિક સંતાન ભારત દેશ માટે ગૌરવ છે. કવિ હરિવંશરાયની કવિતાઓ અમિતાભના મોઢે સાંભળવી એ પણ એક લ્હાવો છે. મંદિર જવાનું હોય કે કોઈ ફંકશનમાં જવાનું હોય દાદાજી પોતાના સમગ્ર પરિવારને સાથે લઈને હાજરી આપતાં હોય છે.

જેમ ગાંધીજી માટે તેમ અમિતાભ બચ્ચન માટે ભાવિ પેઢી એવું કહેશે કે આવી કોઈ વ્યક્તિ ભારતમાં જન્મી હતી? ભારતીય પ્રજા ધન્ય છે. નશીબદાર છે જે કહી શકે છે કે હા - અમિતાભ અમારો છે, અમારા દેશનો છે, પુરી ચાર પેઢી અમિતાભની ચાહક છે. ચાર-ચાર પેઢી પોતાની ચાહક હોય તેવો કદી નાશ ન પામતો પ્રકાશ એટલે કે અમિતાભ ખરેખર ભગવાને આ પૃથ્વી પર મોકલેલ મહાનાયક છે.

પોતાની નબળી આર્થિક સ્થિતિમાં પણ કદી દારૂ કે બિયરની જાહેરાત નથી કરી. તમાકુ, બીડી, સિગારેટ કે ગુટખાની જાહેરાત નથી કરી. તેની સામે માથામાં નાખવાના તેલની જાહેરાત કરવાનું પસંદ કર્યું. એકસો પચાસ ઉપરાંત ફિલ્મોમાં પોતાના અભિનયના ઓજસ પાથરનાર બીગ બી ફિલ્મ ઈન્ડ્સ્ટ્રી માટે માઈલસ્ટોન છે.

ઓકટોબરની ૧૧મી તારીખે જન્મેલા આ મહાનાયકની લવસ્ટોરી પણ આમ જનતા માટે આનંદપ્રેરક રહી છે. કયાંક કોઈ આછકલા વેડા નહીં, કયાંક કોઈ અતિશયોક્તિ નહિ.

રેખા-અમિતાભના સંબંધો પર અનેક પ્રકારની ગોસીપ સાંભળવા અને વાંચવા મળે છે. હજી આ ઉંમરે રેખા પહેલાં કરતાં વધુ સુંદર અને દેખાવડી લાગે છે જયારે અમિતાભ એટલો જ પરિપક્વ દેખાય છે બંનેએ કામ કામ કરવાનું ચાલું જ રાખ્યું છે અને જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બંને ચોક્કસ પ્રકારનું સન્માન મેળવી શક્યા છે.

હજી આજે પણ આજની યુવાપેઢી 'સીલસીલા' જોવાનું પસંદ કરે છે. હજી રેખા પ્રેક્ષકોની સહાનુભૂતિ લઈ જાય છે. કેટલાક દાવો કરે છે કે અમિતાભ-રેખાની રીયલ લવસ્ટોરી 'સીલસીલા'માં બતાવવામાં આવી છે. સાચુ-ખોટું જે હોય તે પણ ફિલ્મ જોવાની મજ્જા પડે છે. જાવેદ અખ્તરે લખેલા ગીતો પર ઝૂમી ઉઠાય છે. હોળીના તહેવારમાં 'રંગ બરસે ભીગે ચૂનરવાલી' ગીત ભારતના દરેક ખૂણામાં વાગે છે. ગવાય છે અને હોળી રમાય છે. બચ્ચનના અવાજમાં ગવાયેલા આ ગીત માટે આ એવોર્ડ પૂરતો નથી? આ ગીત ગાતા ગાતા હોળી રમવાનો અંદાઝ કાંઈક જુદો જ હોય છે. આ ગીતમાં દરેક યુવાન પોતાને અમિતાભ અને દરેક યુવતી પોતાને રેખા સમજે છે. આ ગીતમાં યુવા પેઢી ગજબનું તાદાત્મય અનુભવે છે. દેખા એક ખ્વાબ તો યે ફુલ ખીલે હુએ - ગીત હોય કે પછી - 'યે કહાં આ ગયે હમ' - નીલા આસમાં - જેવા ગીતોથી આજની યુવાપેઢી ઝૂમી ઊઠતી આપણે જોઈ છે.

હજી આજે પણ અમિતાભ અને રેખાને લઈને કોઈ પ્રોડ્યુસર - ડાયરેકટર ફિલ્મ બનાવે તેની ભારતીયો, ચાહકો રાહ જોઈને બેઠા છે. લેખ લખનારની એક ઈચ્છા આ બંનેને સાથે જોવાની તો ખરી જ!

અમિતાભ અને રેખાની ઘણી ફિલ્મો આવી છે. બંને ઊંચી કોટીના કલાકારો છે. બંનેનો આંખથી ભરેલો અભિનય દુર્લભ છે.

બંનેની એક અદા છે. 'સીલસીલા'માં અશાબ્દિક અભિનયને કારણે ફિલ્મ હૃદયને સ્પર્શે છે. યશ ચોપડા નિર્મિત અને દિગ્દર્શિત, સંગીત શીવ હરિનું જુલાઈ ૧૯૮૧માં ફિલ્મ 'સીલસીલા' રજૂ થયેલી.

અમિતાભની ફિલ્મોમાં અનેક વિશિષ્ટયાઓ છે. ડૉન, દિવાર, મુકદ્દર કા સિકંદર, હેરાફેરી, કાલિયા, આનંદ, અભિમાન, ઝઝીર, શોલે, અમર અકબર એન્થોની, સુહાગ, દોસ્તાના, નસીબ, શાન, શક્તિ, નાસ્તિક, કૂલી, શહેનશાહ, અગ્નિપથ, ખુદાગવાહ, લાલ બાદશાહ, સૂર્યવંશમ, કભી ખુશી કભી ગમ, ખાકી, બ્લેક, ફેમીલી, નિઃશબ્દ, સરકાર રાજ, રણ, પા, સત્યાગ્રહ વગેરે વગેરે...

૨૦૧૫ની આગામી ફિલ્મોમાં વેલકમ બેક, પિકુ વગેરે કહી શકાય.

આ એક માત્ર કલાકાર છે જેણે સચિન તેંડુલકરની જેમ રેકોર્ડ સ્થાપિત કર્યા છે. લગભગ એકસો પચાસ ફિલ્મો ઉપરાંત ફિલ્મોમાં કામ કર્યું છે. કલાકાર તરીકે, ગાયક તરીકે, મહેમાન કલાકાર તરીકે, પોતાનો અવાજ આપીને, પ્રોડ્યુસર તરીકે વગેરેમાં પોતાના કરતબ બતાવ્યા છે.

''હમ જહાં ખડે હોતે હૈ
લાઈન વહીં સે શુરૂ હોતી હૈ''

જેવા યાદગાર ડાયલોગ અમિતાભની દેન છે. 'મેરે પાસ માં હૈ'નો દીવારનો ડાયલોગ આજની ચોથી પેઢીમાં પણ એટલો જ લોકપ્રિય છે.

'સહાની શેઠ, આપકે ગીલાસ કે જો હીરા હૈ વો ઉતનાહી નકલી હૈ જીતની આપકી કામયાબી'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આ એવું વ્રત છે જે સૌથી મુશ્કેલ છે કારણ કે આ વ્રત કરવા આખો દિવસ નિર્જળા(પાણી પીધા વિના) રહેવું પડે છે, પાણી પણ નથી પીવાતું અને કશું ખાઈ શકાતું નથી

## કરવા ચોથ પ્રસંગસર

- સંત રાજિન્દર સિંહ જી મહારાજ

કરવા ચોથ એક પવિત્ર પર્વ છે. તેને સૌભાગ્યવતીઓનો તહેવાર પણ કહેવાય છે. આ દિવસે હિંદુ નારીઓ ઈશ્વર પાસે પોતાના પતિના લાંબા આયુષ્ય અને તંદુરસ્તી માટે મંગળ કામના કરે છે. આ એવું વ્રત છે જે સૌથી મુશ્કેલ છે કારણ કે આ વ્રત કરવા આખો દિવસ નિર્જળા(પાણી પીધા વિના) રહેવું પડે છે, પાણી પણ નથી પીવાતું અને કશું ખાઈ શકાતું નથી. આ એ વ્રત છે જે સવારે તારાની છાયામાં રાખવામાં આવે છે અને સાંજે ચંદ્રમાને જોઈ છોડવામાં આવે છે. આ દિવસે આપણી હિંદુ મહિલાઓ સાજ-શણગાર સજી રાત્રે ઈશ્વરની સામે પ્રણ લે છે કે તે મન, વચન, કર્મથી પોતાના પતિ પ્રત્યે પૂર્ણ સમર્પણની ભાવના દેખાડશે.

ઈતિહાસમાં વર્ણવવામાં આવેલી કથાઓથી આપણને જાણવા મળે છે કે કરવા ચોથના શું ફાયદા છે. આપણી જેટલી પણ હિંદુ નારીઓ છે, તે આ વ્રત શુદ્ધિપૂર્વક રાખે છે અને આ પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે.



શું આપણે ક્યારેય વિચાર કર્યો છે કે આ વ્રતનો હેતુ શું છે ? આ વ્રતનું પણ અન્ય વ્રતોની જેમ એક આધ્યાત્મિક મહત્ત્વ છે. આપણા દેશના કણ-કણમાં આધ્યાત્મિકતા રહેલી છે. આપણા બધા તહેવાર, ઉત્સવ અને વ્રત આત્મ-ઉન્નતિ માટે જ બનાવવામાં આવ્યા હતા અને આ વ્રત વગેરે અંતતઃ મોક્ષ અને પ્રભુ પ્રાપ્તિ માટે જ કરવામાં આવતા હતા પરંતુ સમયની સાથે-સાથે અસલિયત ખોવાઈ જાય છે અને આપણે રીતિ-રિવાજોમાં જ અટવાઈ જઈએ છીએ. પરમ સંત કૃપાલ સિંહ જી મહારાજ હંમેશા કહેતા હતા કે આપણા જેટલા પણ વ્રત છે, જેટલા પણ તહેવાર છે તે બધાના પાયામાં અધ્યાત્મ છે અને આ જ આપણા દેશની વિશેષતા એ છે કે દરેક રીતિ-રિવાજોના મૂળમાં કોઈને કોઈ રુહાની(આધ્યાત્મિક) રહસ્ય છુપાયેલું છે. આવો આપણે જાણીએ કે કરવા ચોથના આ તહેવારમાં રુહાનિયત(આધ્યાત્મિકતા)નું ક્યું રહસ્ય છુપાયેલું છે ?

કરવા ચોથમાં સવારે તારાની છાયામાં રાખવામાં આવે છે અને સાંજે ચંદ્રને જોઈ વ્રત છોડે છે, એ વાસ્તવમાં એક એવા અંતરનું પ્રતીક છે જે આપણને આધ્યાત્મિકતાની એક મંઝિલથી બીજી મંઝિલ સુધી લઈ જાય છે. કરવા ચોથનું આ વ્રત તારાઓથી માંડી ચાંદા સુધી, આત્મા અને પરમાત્માના મિલનની

એક અવસ્થાનું વર્ણન છે. આ વ્રત ત્યારે જ શુભ બને છે જ્યારે આપણે આપણા અંતરમાં તારા જોઈએ. આખો દિવસ પ્રભુની યાદમાં વિતાવી, ધ્યાન-અભ્યાસમાં વિતાવીએ અને સાંજે પોતાના અંતરમાં ચાંદ જોઈ પછી પોતાના મહેબૂબને જોઈએ જે આપણા દિલનો ચાંદ છે. આપણા જે ગુરુ છે તેમના દર્શન કરીએ તો આ જ રીત છે કરવા ચોથ મનાવવાની.

હવે બને છે એવું કે આપણી માતાઓ, લગ્ન થયેલી દીકરીઓ અને બહેનો વ્રત રાખે છે. પરંતુ દિવસનો સમય પ્રભુની યાદમાં કોણ વિતાવે છે ? આપણે શું કરીએ છીએ કે સવારે ઉઠીએ, વ્રત રાખીએ અને પછી બહેનપણીઓ, સગા-સંબંધીઓ સાથે ગપ્પા મારીએ, એકબીજા સાથે વાદ-વિવાદ કરીએ , દિવસના સમયે ફિલ્મો જોઈએ અથવા ઘરમાં બેસી ટેલિવિઝન જોઈએ. પણ આ વ્રતનો મૂળ હેતુ એ હતો કે આ વ્રતનો આખો દિવસ પ્રભુની યાદમાં, ધ્યાન-અભ્યાસમાં સમય વિતાવવામાં આવે. આપણે તેના પર અમલ કરતા નથી. આપણને તો એક બહાનું મળી જાય છે કે આપણે નવા-નવા આભૂષણ મેળવીએ અને સાંજે એક વિધિ દ્વારા વ્રતની પૂર્ણાહૂતિ કરવામાં આવે, આપણે માનીએ છીએ કે આપણને એક લાઈસન્સ મળી ગયું કે એક વર્ષ માટે આપણા પતિનું આરોગ્ય સારું રહે અને તેના કારોબારની ઉન્નતિ થતી રહે. આ રીતે તહેવારનો જે મૂળ હેતુ છે તેને આપણે ભૂલી જઈએ છીએ.

આપણે આપણા આખા દિવસનો સમય સિનેમામાં, ટેલીવિઝનમાં બરબાદ ન કરીએ. આપણે સવારે ધ્યાન-અભ્યાસ કરવા બેસીએ. આખો દિવસ પ્રભુની યાદમાં વિતાવીએ અને સાંજે પોતાના ગુરુના દયા-ભાવથી અંતરમાં ચાંદ જોઈએ અને પછી તેમના નૂરાની રૂપનું આપણે દર્શન કરીએ. આ જે બહારનો ચંદ્ર છે, તે તો આપણને રોજ રાતે પણ જોઈ શકતા નથી. પરંતુ જે અંદરનો ચંદ્ર છે તેને આપણે આખો વખત જોઈ શકીએ છીએ. તે જ વાસ્તવિક ચંદ્રમાં છે. અંતરના ચંદ્રને જોવાથી જ આપણે કરવા-ચોથના વ્રતનો વાસ્તવિક લાભ ઉઠાવી શકીશું.